# શ્રી
# પંચ પ્રતિક્રમણસૂત્ર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

श्री

# પંચ પ્રતિક્રમણ સૂત્ર

(છંદના નામનાં ઉલ્લેખ સાથે)


શ્રી ધર્મનાથ
પો. હે. જૈનનગર સંઘ
જૈનનગર, અમદાવાદ
(જ્ઞાન ભંડાર માટે)



-: પ્રકાશક :-

**સુકૃતનિધિ ટ્રસ્ટ**

અમદાવાદ.

વિ. સં. ૨૦૫૪ જ્ઞાનપંચમી


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાપ્તિસ્થાન :-
**જિતેન્દ્રભાઇ કાપડિયા**
C/o. અજન્ટા પ્રિન્ટર્સ, જેસિંગભાઇની વાડી,
ઘીકાંટા, અમદાવાદ-૧.

**શરદભાઇ ઇશ્વરલાલ શાહ**
B-1, વી. ટી. એપાર્ટમેન્ટ,
કાળાનાળા, ભાવનગર - ૧.

**શારદાબેન ચિમનભાઇ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર**
'દર્શન' શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

**મૂલ્ય**
ત્રીસ રૂપિયા

**નકલ**
પાંચ હજાર

**મુદ્રક**
ફોરવર્ડ સ્ટેશનરી માર્ટ,
બાલા હનુમાન પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રકાશકીયમ્

શ્રુતજ્ઞાન પ્રકાશન ક્ષેત્રે જે કાંઈ પ્રકાશિત થાય તે શુદ્ધ હોય; સાંગોપાંગ હોય એવું વલણ આજકાલ જણાય છે અને તે વ્યાજબી પણ લાગે છે. એજ અભિગમ પૂર્વક તૈયાર થયેલું આ પ્રકાશન શ્રી સંઘના કરકમલમાં અર્પણ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

અમારી સંસ્થાના પ્રારંભકાળથીજ અમને પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજય દેવ સૂરીશ્વરજી તથા પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજય હેમચન્દ્ર સૂરીશ્વરજી તથા પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજય પ્રદ્યુમ્ન સૂરીશ્વરજીનું માર્ગદર્શન દોરવણી મળતાં રહ્યા છે.

આ પ્રકાશનને પણ અમારા અન્ય પ્રકાશનની જેમ ઉમળકા ભર્યો આવકાર મળશે તેવી શ્રધ્ધા છે.

- પ્રકાશક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ નમો નમઃ શ્રી ગુરુ નેમિ સૂરયે ॥

# કિંચિત્ નિવેદન

વર્ષો પહેલાં **પ્રબોધટીકાનુસારી પંચ પ્રતિક્રમણ** સૂત્રોનું પુસ્તક જોયું ત્યારથી પ્રતિક્રમણના સૂત્રોના છંદની વિશેષતા જાણવા મળી. તે પછી તે પ્રમાણે બોલવાનું અને અવસરે અવસરે વાર્તાલાપ/પ્રવચન વગેરેમાં તે તરફ અન્ય વ્યક્તિઓનું ધ્યાન દોરવાનું બનતું રહ્યું. પ્રબોધટીકાનુસારી પંચપ્રતિક્રમણના સૂત્રોનું પુસ્તક સુલભ નથી ક્યાંક જ જૂના જ્ઞાન ભંડારમાં તે મળે તો મળે.

તેથી ''તે તે સૂત્રોના છંદના ઉલ્લેખ વાળું એક પ્રકાશન થાય તો સારું'' આવી માંગણી અવરનવર થતી એ અનુસાર આ પ્રમાણેનું પહેલીવારનું પ્રકાશન વિ.સં. ૨૦૫૨ માં સુરત અઠવા લાઈન્સની શ્રી જગદ્ગુરુ હીર વિજયસૂરીશ્વરજી જૈન પાઠશાળા તરફથી થયું. તે આવૃત્તિ ટૂંક સમયમાં જ ખપી જવાથી આ તેનું પુનઃ પ્રકાશન થઇ રહ્યું છે.

આ સૂત્રોમાં ક્યાંક ક્યાંક જરૂરી પાઠશુધ્ધિની વિચારણા કરી છે. તે પાઠ શુધ્ધિ આ પ્રમાણે છે.

**ભરહેસર બાહુબલી સૂત્રમાં :-**

(૧) *પાવપ્પબંધા વિલિજ્જંતિ*

**પાક્ષિક અતિચારમાં :-**

(૧) *પરમાર્થ જાણ્યા વિના ભૂલ્યા, વ્યામોહયા*

(૨) *મુહપત્તિ ઉત્સંઘટ્ટી*

(૩) *ખાધિ લગે અદેખાઇ ચિંતવી*

**મોટી શાંતિમાં :-**

(૧) *ઓં હ્રી, શ્રી, ધૃતિ મતિ કીર્તિ કાંતિ*

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં હ્રી દેવી શ્રી દેવી ધૃતિદેવી આ રીતનો સંદર્ભ છે.
હ્રીઁ શ્રીઁ એવા મંત્ર બીજ અહીં નથી

(૨) *એષાં શાન્તિઃ પ્રતિષ્ઠાયાત્રા*

**સંતિકરં સ્તોત્રમાં :-**

(૧) *સૌઁ હ્રીઁ નમો ય સવ્વોસહિ* - ગાથા ૩

(૨) *રક્ખંતુ મમં રોહિણી* - ગાથા ૪

(૩) *બંભો મણુએસરકુમારો* - ગાથા ૭

**જગચિંતામણિ સૂત્રમાં :-**

પહેલી જ પંક્તિમાં

(૧) *જગચિંતામણિ જગહ નાહ*

આમ પાઠ મળે છે અને રોલાછંદની દૃષ્ટિએ જગહ નાહ પાઠ બંધ બેસે છે.

**લઘુશાંતિમાં :-**

(૧) *ફટ્ ફટ્ સ્વાહા*

**સકલાર્હત્ સ્તોત્રમાં :-**

(૧) *ભાવતોઽર્ચાઁ નમામિ*

આટલું પાઠ શુધ્ધિ માટે વિચારીને હવે થોડીક છંદ પ્રમાણે ઉચ્ચાર કરવાની વાત કરીએ!

પ્રતિક્રમણના મોટાભાગના સૂત્રો છંદોબધ્ધ છે અને તે સૂત્રો તે પ્રમાણે બોલવાથી તેનું શ્રવણ મધુર લાગે છે. મોટાભાગનાં સૂત્રોમાં ગાહા છંદ જેને સંસ્કૃતમાં આર્યા છંદ કહેવામાં આવે છે તે જ વપરાયો છે અને તેના ચાર ચરણ હોય છે અને તે ચારે - ચરણ આરોહ અને અવરોહપૂર્વક બોલવાનાં હોય છે. તેના ઉચ્ચારને ગજગતિ, હંસગતિ, સર્પગતિ અને સિંહગતિ સાથે સરખાવવામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવે છે. તેની ગતિની જેમ એ ચરણો બોલવા જોઇએ.

આ સિવાય વપરાયેલા છંદમાં જગચિંતામણિ સૂત્રમાં રોલા છંદ, વસ્તુ છંદ, ચઉક્કસાય સૂત્રમાં પદાકુલા છંદ, અડિલ્લય છંદ. વિશાલલોચન અને નમોસ્તુમાં વપરાયેલા વંશસ્થ વગેરે છંદ અને એ રીતે બોલવાથી સૂત્રોમાં માધુર્ય પ્રકટ થાય છે સરસતા જણાય છે. એટલે તમામ ધાર્મિક શિક્ષકગણ ને મારી ભારપૂર્વકની ભલામણ છે કે તમે કોઇક છંદના જાણકાર પાસે તે તે છંદના ઉચ્ચારને બોલવાની પધ્ધતિની સાચી રીત શીખી લેજો કારણકે વસંતતિલકા, ઉપજાતિ, મંદાક્રાન્તા, વગેરે છંદનું નક્કી કરેલા અક્ષર પ્રમાણેનું બંધારણ હોય છે અને અમુક અક્ષરે વિરામ લેવાનો હોય છે વગેરે બાબતો રૂબરૂમાંજ શીખી શકાય માટે તમે તેવા જાણકાર પાસે શીખી લેજો અને તે પ્રમાણે વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને ભણાવજો. ખૂબ આનંદ આવશે અને જ્ઞાનનો ક્ષયોપશમ વધશે.

આ પુસ્તકના પ્રુફ મુનિશ્રી રાજહંસ વિજયજીએ તથા પંડિત શ્રી ગુણવંતભાઇ ઠારે (સૂરત) કાળજીથી વાંચ્યા છે છતાં કોઇ ભૂલ રહી ગઇ હોય તો સુધારી લેવા વિનતિ છે. સાવચેતી અને કાળજી છતાં ભૂલની સંભાવના રહે છે માટે શ્રુતરાગી વિદ્વાનોને સુધારવા અને ધ્યાન દોરવા વિનતિ છે.

પ્રાન્તે માત્ર જ્ઞાન પ્રત્યેની ભક્તિથી પ્રેરિત થઇને આ પ્રયાસ કરાવ્યો છે, છતાં આમાં મતિ મંદતા વગેરે દોષોથી કશું અનુચિત થયું હોય તો ક્ષમા પ્રાર્થના સાથે....

જ્ઞાનપંચમી, સં.૨૦૫૪<br>ભાવનગર

**શ્રી નેમિ અમૃત દેવ હેમચન્દ્રસૂરિ શિષ્ય**<br>*પ્રદ્યુમ્નસૂરિ*

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉપાધ્યાયજી અમર રહો !

## સ્તુતિ

(મૈત્રીભાવનું પવિત્ર ઝરણું : એ રાગ)

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી જિનવર શાસનના શણગાર,
ધૈર્ય ક્ષમા ને ગંભીરતાદિ અનેક ગુણગણના ભંડાર;
જ્ઞાનયોગને સિદ્ધ કરીને ખૂબ બઢાવી શાસન-શાન,
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૧

ધન્ય કનોડા ધન્ય સોભાગદે ધન્ય નારાયણ ધર્મશૂરા,
ધન્ય સુહગુરુ શ્રી નયવિજયજી ધન્ય ધન્ય એ ધનજી શૂરા;
ધન્ય સિંહસૂરિજી જેણે હિતશિક્ષાનાં દીધાં દાન,
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૨

ભર ચોમાસે મૂશળધારે વરસે પાણી દિવસ ને રાત,
'ભક્તામર' ની શ્રવણપ્રતિજ્ઞા કારણ ત્રણ ઉપવાસી માત;
સાત વરસના આપે ત્યારે સંભળાવ્યું એ સ્તોત્ર મહાન,
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૩

કાશીતલ વહેતી ગંગાના કાંઠે નિશ્ચલ ધ્યાન ધરી,
ભગવતી દેવી સરસ્વતીને રીઝવીને વરદાન વરી;
ગુરુવર ચરણપસાયે સ્હેજે લાધ્યું આતમ અનુભવ જ્ઞાન,
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સત્તર તેંતાલીસ ડભોઈતીર્થે ચરમ ચોમાસુ આપ રહ્યા,
વરસ પંચાવન નિર્મળ સંયમ પાળી યશથી અમર થયા;
વ્હેલા વ્હેલા શિવપુર જાવા કર્યું આપે શું શુભપ્રસ્થાન,
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૫

પ્રભુની આણા ગૌણ બની ને જ્ઞાનનો મારગ વિરલ બન્યો,
''શાસન મારું હું શાસનનો'' એવો અન્તર્નાદ ઘટ્યો;
એવા ટાણે આપના ગ્રંથો ટાળે સંઘનું તિમિર તમામ,
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૬

ભવવૈરાગી ગુરુગુણરાગી પૂર્ણભક્ત પ્રભુશાસનના,
ગીતારથ સોભાગી સજ્જન પારંગત શ્રુતસાગરના;
કેવલી ભાષિત માર્ગના જ્ઞાતા સદા અમારી સાથ રહો,
જુગ જુગ જીવો જય જય પામો ઉપાધ્યાયજી અમર રહો. ૭

* * * *

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ★ સરસ્વતી દેવી વન્દના... ★

(રાગ : રાત રહે જ્યારે પાછલી ષટ્ ઘડી)

માત હે ભગવતિ! આવ મુજ મન મહીં,
જ્યોતિ જિમ ઝગમગે તમસ જાયે ટળી;
કુમતિ મતિ વારિણી કવિ મનોહારિણી,
જય સદા શારદા સારમતિદાયિની. ૧

શ્વેત પદ્માસના શ્વેત વસ્ત્રાવૃતા,
કુન્દ શશિ હિમ સમા ગૌરદેહા;
સ્ફટિક માળા વીણા કર વિષે સોહતા,
કમલ પુસ્તકધરા સર્વજન મોહતા. ૨

અબુધ પણ કૈંક તુજ મહેરને પામીને,
પામતા પાર શ્રુત સિન્ધુનો તે;
અમ પર આજ તિમ દેવી કરુણા કરો,
જિમ લહીએ મતિ વિભવ સારો. ૩

હંસ તુજ સંગના રંગથી ભારતી,
જિમ થયો ખીર નીરનો વિવેકી;
તિમ લહી સાર નિ:સારના ભેદને,
આત્મહિત સાધું કર મુજ પર મહેરને. ૪

દેવી તુજ ચરણમાં શિર નમાવી કરી,
એટલું યાચીએ વિનયભાવે કરી;
યાદ કરીએ તને ભક્તિથી જે સમે,
જીભ પર વાસ કરજે સદા તે સમે. ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧. શ્રી નમસ્કાર મહામન્ત્ર (શ્રી પંચમંગલ સૂત્ર)

**નમો અરિહંતાણં ૧**
**નમો સિદ્ધાણં ૨**
**નમો આયરિયાણં ૩**
**નમો ઉવજ્ઝાયાણં ૪**
**નમો લોએ સવ્વ-સાહૂણં ૫**

*(સિલોગો)*

**એસો પંચ-નમુક્કારો, ૬**
**સવ્વ-પાવપ્પણાસણો; ૭**
**મંગલાણં ચ સવ્વેસિં, ૮**
**પઢમં હવઈ મંગલં. ૯**

આ સૂત્રમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ એ પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવ્યો છે. એથી સર્વ પાપો તથા વિઘ્નો દૂર થાય છે. આ નમસ્કાર મન્ત્ર સર્વ મંગલોમાં મુખ્ય મંગલ છે.

* * * *

## ૨. પંચિંદિય (ગુરુસ્થાપના ) સૂત્ર

*(ગાહા)*

**પંચિંદિય-સંવરણો,**
**તહ નવવિહ-બંભચેર-ગુત્તિધરો;**
**ચઉવિહ-કસાયમુક્કો,**
**ઇઅ અટ્ઠારસ ગુણેહિં સંજુત્તો. ૧**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પંચ-મહવ્વય-જુત્તો,**
**પંચવિહાયાર-પાલણ-સમત્થો;**
**પંચસમિઓ-તિગુત્તો,**
**છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ.** ૨

આ સૂત્રમાં આચાર્ય મહારાજના છત્રીસ ગુણોનું વર્ણન છે. સ્થાપનાચાર્ય સ્થાપતી વખતે આ સૂત્ર બોલાય છે.

* * * *

## ૩. ખમાસમણ (પ્રણિપાત) સૂત્ર

**ઇચ્છામિ ખમાસમણો! વંદિઉં**
**જાવણિજ્જાએ, નિસીહિઆએ,**
**મત્થએણ વંદામિ.** ૧

જિનેશ્વરપ્રભુને તથા ગુરુ મહારાજને ખમાસમણ દેતી વખતે આ સૂત્ર બોલાય છે.

* * * *

## ૪. ઇચ્છકાર સૂત્ર

**ઇચ્છકાર સુહ-રાઈ ? સુહ-દેવસિ ?**
**સુખ-તપ ? શરીર-નિરાબાધ ?**
**સુખસંજમ-જાત્રા નિર્વહો છો જી ?**
**સ્વામી ! શાતા છે જી ?**
**ભાત-પાણીનો લાભ દેજો જી.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ સૂત્રથી ગુરુ મહારાજની સર્વ પ્રકારે ભક્તિપૂર્વક સારસંભાળ રાખવા સાથે સંયમ, તપ, શરીર વગેરે સંબંધી સુખ-શાતા પુછાય છે.

* * * *

## ૫. અબ્ભુટ્ઠિઓ સૂત્ર

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !**
**અબ્ભુટ્ઠિઓ હં અબ્ભિંતર દેવસિઅં,**
**ખામેઉં ? ઇચ્છં, ખામેમિ દેવસિઅં,**
**જંકિંચિ અપત્તિઅં, પરપત્તિઅં,**
**ભત્તે, પાણે, વિણએ, વેયાવચ્ચે,**
**આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે,**
**અંતર-ભાસાએ, ઉવરિ-ભાસાએ,**
**જંકિંચિ, મજ્ઝ વિણય-પરિહીણં,**
**સુહુમં વા બાયરં વા,**
**તુબ્ભે જાણહ, અહં ન જાણામિ,**
**તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

આ સૂત્રથી ગુરુ મહારાજને આપણાથી જે જે અપરાધ થયા હોય તે જાહેર કરી તેમની પાસે પશ્ચાત્તાપ પૂર્વક માફી માગવામાં આવે છે.

* * * *

## ૬. ઇરિયાવહિયં સૂત્ર

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !**
**ઇરિયાવહિયં પડિક્કમામિ ?**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં** ૧
**ઇરિયાવહિયાએ વિરાહણાએ** ૨
**ગમણાગમણે** ૩
**પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે,**
**ઓસા-ઉત્તિંગ-પણગ-દગ-**
**મટ્ટી-મક્કડા-સંતાણા-સંકમણે** ૪
**જે મે જીવા વિરાહિયા,** ૫
**એગિંદિયા, બેઇંદિયા,**
**તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા** ૬
**અભિહયા, વત્તિયા, લેસિયા,**
**સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા,**
**કિલામિયા, ઉદ્દવિયા,**
**ઠાણાઓ ઠાણં સંકામિયા,**
**જીવિયાઓ વવરોવિયા,**
**તસ્સ મિચ્છા મિ દુક્કડં.** ૭

* * * *

આ સૂત્રમાં હાલતાં ચાલતાં, જતાં આવતાં આપણાથી જીવહિંસા થઈ જવાથી જે પાપ લાગ્યાં હોય, તે દૂર કરવા માફી માગવામાં આવી છે.

## ૭. તસ્સ ઉત્તરી સૂત્ર

**તસ્સ ઉત્તરી-કરણેણં,**
**પાયચ્છિત્ત-કરણેણં, વિસોહી-કરણેણં,**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિસલ્લી-કરણેણં,**
**પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ**
**ઠામિ કાઉસ્સગ્ગં. ૧**

આ સૂત્રમાં ઇરિયાવહિયા સૂત્રથી દૂર કરવામાં આવ્યા છતાં રહી ગયેલાં પાપનો નાશ કરવા માટે કાઉસ્સગ્ગ કરવાના ચાર હેતુઓ બતાવ્યા છે.

* * * *

## ૮. અન્નત્થ (આગાર) સૂત્ર

**અન્નત્થ ઊસસિએણં,**
**નીસસિએણં, ખાસિએણં,**
**છીએણં, જંભાઇએણં,**
**ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં,**
**ભમલીએ, પિત્ત-મુચ્છાએ; ૧**
**સુહુમેહિં અંગ-સંચાલેહિં,**
**સુહુમેહિં ખેલ-સંચાલેહિં,**
**સુહુમેહિં દિટ્ઠિ-સંચાલેહિં ૨**
**એવમાઇએહિં આગારેહિં;**
**અભગ્ગો અવિરાહિઓ,**
**હુજ્જ મે કાઉસ્સગ્ગો; ૩**
**જાવ અરિહંતાણં ભગવંતાણં,**
**નમુક્કારેણં, ન પારેમિ; ૪**
**તાવ કાયં, ઠાણેણં, મોણેણં,**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જાણેણં, અપ્પાણં વોસિરામિ.** **૫**

આ સૂત્રમાં કાઉસ્સગ્ગ કરતી વખતે ન છુટકે થઈ જતી કેટલીક શરીરની નાની મોટી પ્રવૃત્તિઓથી કાઉસ્સગ્ગનો ભંગ ન થાય માટે સોળ આગારોનું વર્ણન છે તથા કાઉસ્સગ્ગ કરવાની રીત, દૃઢતા અને પૂરો કરવાની મર્યાદા બતાવેલ છે.

* * * *

## ૯. લોગસ્સ(નામસ્તવ) સૂત્ર

*(સિલોગો)*

**લોગસ્સ ઉજ્જોઅગરે,**<br>
**ધમ્મતિત્થયરે જિણે;**<br>
**અરિહંતે કિત્તઇસ્સં,**<br>
**ચઉવીસંપિ કેવલી.** **૧**

(ગાહા)

**ઉસભ-મજિઅં ચ વંદે,**<br>
**સંભવ-મભિણંદણં ચ સુમઈં ચ;**<br>
**પઉમપ્પહં સુપાસં,**<br>
**જિણં ચ ચંદપ્પહં વંદે.** **૨**<br>
**સુવિહિં ચ પુપ્ફદંતં,**<br>
**સીઅલ-સિજ્જંસ-વાસુપુજ્જં ચ;**<br>
**વિમલ-મણંતં ચ જિણં,**<br>
**ધમ્મં સંતિં ચ વંદામિ.** **૩**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કુંથું અરં ચ મલ્લિં,**
**વંદે મુણિ-સુવ્વયં નમિજિણં ચ;**
**વંદામિ રિટ્ઠનેમિં,**
**પાસં તહ વદ્ધમાણં ચ. ૪**
**એવં મએ અભિથુઆ,**
**વિહુયરયમલા પહીણ-જરમરણા;**
**ચઉવીસંપિ જિણવરા,**
**તિત્થયરા મે પસીયંતુ. ૫**
**કિત્તિય-વંદિય-મહિયા,**
**જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;**
**આરુગ્ગ બોહિલાભં,**
**સમાહિ-વર-મુત્તમં દિંતુ. ૬**
**ચંદેસુ નિમ્મલયરા,**
**આઇચ્ચેસુ અહિયં પયાસયરા;**
**સાગરવર-ગંભીરા,**
**સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭**

આ સૂત્રમાં આત્મકલ્યાણમાં આગળ વધવા ચોવીસ તીર્થંકર ભગવંતોની નામપૂર્વક સ્તુતિ છે. તથા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થવાપૂર્વક મને મોક્ષ આપો એવી પ્રાર્થના છે.

* * * *

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૦. કરેમિ ભંતે સૂત્ર

**કરેમિ ભંતે ! સામાઇયં,**
**સાવજ્જં જોગં પચ્ચક્ખામિ,**
**જાવ નિયમં પજ્જુવાસામિ,**
**દુવિહં, તિવિહેણં,**
**મણેણં, વાયાએ, કાએણં,**
**ન કરેમિ, ન કારવેમિ, તસ્સ ભંતે !**
**પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ,**
**અપ્પાણં વોસિરામિ.**

આ સૂત્રમાં સામાયિક ગ્રહણ કરવાની મહાપ્રતિજ્ઞા છે, ને સાવદ્ય યોગરૂપ પાપનું પચ્ચક્ખાણ (ત્યાગ) છે, એટલે કે મન-વચન-કાયાથી કોઈપણ પાપ ન કરવું, ન કરાવવું તથા સામાયિકના નિયમ સુધી અડગ ધૈર્યથી સમભાવમાં રહેવાનું સૂચવ્યું છે.

* * * *

# ૧૧. સામાયિક પારવાનું સૂત્ર

*(ગાહા)*

**સામાઇઅ-વયજુત્તો,**
**જાવ મણે હોઇ નિયમ-સંજુત્તો;**
**છિન્નઇ અસુહં કમ્મં,**
**સામાઇઅ જત્તિઆવારા. ૧**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સામાઈઅમ્મિ ઉ કએ,**
**સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા;**
**એએણ કારણેણં,**
**બહુસો સામાઈઅં કુજ્જા. ૨**
**સામાયિક વિધિએ લીધું, વિધિએ**
**પાર્યું, વિધિ કરતાં જે કોઈ અવિધિ**
**હુઓ હોય, તે સવિ મન વચન**
**કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.**
**દશ મનના, દશ વચનના, બાર કાયાના**
**એ બત્રીસ દોષમાંહિ મારે જીવે જે કોઈ**
**દોષ લાગ્યો હોય તે સવિ મન વચન**
**કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. ૪**

આ સૂત્રમાં સામાયિક વ્રતનો મહિમા સમજાવ્યો છે તથા સામાયિક કરનાર જેટલી વાર સામાયિક કરે, તેટલી વાર શ્રાવક છતાં શ્રમણ તુલ્ય ગણી શકાય. માટે ''પરમચારિત્રધર્મની આરાધના માટે વારંવાર સામાયિક કરવાં જોઈએ.'' એવી ભાવના ટકાવી રાખવા માટે સામાયિક પારતી વખતે આ સૂત્ર બોલાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ❖ સામાયિક લેવાનો વિધિ ❖

**સામાયિક કરવામાં જોઈતી વસ્તુઓ :**

૧. સીવ્યા વિનાનાં શુદ્ધ વસ્ત્રો  ૨. કટાસણું  ૩. મુહપત્તિ
૪. સાપડો  ૫. પુસ્તક  ૬. ચરવાળો  ૭. ઘડી

૧. પ્રથમ શુદ્ધ વસ્ત્રો પહેરવાં, પછી ચરવળાથી જગ્યા પૂંજી સ્થાપનાજી સ્થાપવા માટે પુસ્તક સાપડા પર મૂકીને મુહપત્તિ ડાબા હાથમાં રાખી જમણો હાથ પુસ્તક સામે રાખીને નવકાર પંચિંદિય કહીને સ્થાપનાજી સ્થાપવા.

૨. પછી એક ખમાસમણ દઈને ઇરિયાવહિયં, તસ્સ ઉત્તરી, અન્નત્થ કહી એક લોગસ્સનો (ન આવડે તો ચાર નવકારનો) કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગ પારીને (નમો અરિહંતાણં કહીને) પ્રગટ લોગસ્સ બોલવો. પછી-

૩. ખમાસમણ દઈ **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં.** કહીને મુહપત્તિ પડિલેહવી.

૪. પછી એક ખમાસમણ દઈ, **ઇચ્છાકારેણ સંદસિહ ભગવન્ સામાયિક સંદિસાહું ? ઇચ્છં** કહી એક ખમાસમણ દઈ, **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક ઠાઉં ? ઇચ્છં** કહી બે હાથ જોડી એક નવકાર ગણવો.

૫. પછી **ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી,** એમ કહી કરેમિ ભંતે સૂત્ર પોતે બોલવું, અથવા ગુરુ કે વડીલ હોય તો તેમની પાસે બોલાવવું .

Jain Education International  For Personal & Private Use Only  www.jainelibrary.org

૬. પછી એક ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે સંદિસાહું ? ઈચ્છં** કહી એક ખમાસમણ દઈ, **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે ઠાઉં ? ઈચ્છં !** કહી એક ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સજ્ઝાય સંદિસાહું ? ઈચ્છં** કહી એક ખમાસમણ દઈ, **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ? ઈચ્છં** કહી બે હાથ જોડીને ત્રણ નવકાર ગણવા.

૭. પછી બે ઘડી અર્થાત્ અડતાલીસ (૪૮) મિનિટ સુધી સ્થિર આસને બેસી ધર્મધ્યાન કરવું. સ્વાધ્યાય કરવો. સામાયિકમાં સંસારની વાત ન થાય-વિચાર પણ ન થાય.

* * * *

## ❖ સામાયિક પારવાનો વિધિ ❖

૧. પ્રથમ એક ખમાસમણ દઈને **ઈરિયાવહિયં, તસ્સ ઉત્તરી, અન્નત્થ** કહી એક લોગસ્સ અથવા ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો. (નમો અરિહંતાણં કહીને) પારીને પ્રગટ લોગસ્સ બોલવો.

૨. પછી એક ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં** કહીને મુહપત્તિ પડિલેહવી.

૩. પછી એક ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક પારું ?** એમ આદેશ માગવો. પછી **યથાશક્તિ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બોલી એક ખમાસમણ દઈ **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પાર્યું ?** એમ કહી **તહત્તિ** કહેવું. પછી જમણો હાથ ચરવળા અથવા કટાસણા ઉપર સ્થાપીને એક નવકાર ગણી સામાઈઅવય જુત્તો સૂત્ર બોલવું.

૪. સ્થાપના સ્થાપેલા હોય તો જમણો હાથ સવળો રાખી એક નવકાર ગણી સ્થાપનાજી ઉત્થાપી લેવા.

* * * *

# ૧૨. જગ-ચિંતામણિ ચૈત્યવંદન સૂત્ર

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !**
**ચૈત્યવંદન કરું ? ઇચ્છં.**

*(રોલા છંદ)*

**જગચિંતામણિ જગહનાહ, જગગુરુ જગરક્ખણ,**
**જગબંધવ જગસત્થવાહ, જગભાવવિઅક્ખણ;**
**અટ્ઠાવય-સંઠવિઅ-રૂવ, કમ્મટ્ઠ વિણાસણ,**
**ચઉવીસંપિ જિણવર જયંતુ, અપ્પડિહય-સાસણ. ૧**

*(વસ્તુ છંદ)*

**કમ્મભૂમિહિં, કમ્મભૂમિહિં,**
**પઢમસંઘયણિ ઉક્કોસય સત્તરિસય,**
**જિણવરાણ વિહરંત લબ્ભઇ,**
**નવકોડિહિં કેવલીણ,**
**કોડિ-સહસ્સ નવ સાહૂ ગમ્મઇ,**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંપઈ જિણવર વીસ મુણી,
બિહું કોડિહિં વરનાણ,
સમણહ કોડિ સહસ્સ દુઅ,
થુણિજ્જઈ નિચ્ચ વિહાણિ. ૨
જયઉ સામિય, જયઉ સામિય,
રિસહ સત્તુંજિ ઉજ્જિંતિ પહુનેમિજિણ,
જયઉ વીર સચ્ચઉરિમંડણ,
ભરૂઅચ્છહિં મુણિસુવ્વય,
મુહરિપાસ દુહ-દુરિઅ-ખંડણ,
અવરવિદેહિં તિત્થયરા,
ચિહું દિસિ વિદિસિ જિં કેવિ,
તીઆણાગય સંપઈય,
વંદું જિણ સવ્વે વિ. ૩

(ગાહા)

સત્તાણવઈ સહસ્સા,
લક્ખા છપ્પન્ન અટ્ઠકોડિઓ,
બત્તીસ-સય બાસિયાઈં, તિઅ-લોએ ચેઈએ વંદે
પનરસ-કોડિ-સયાઈં,
કોડિ બાયાલ લક્ખ અડવન્ના,
છત્તીસ-સહસ-અસીઈં,
સાસય-બિંબાઈં પણમામિ. ૫

આ સૂત્ર શ્રી ગૌતમસ્વામીએ (વૃદ્ધ પ્રવાદથી પહેલી બે ગાથા) ચૈત્યવંદન રચેલું છે. એમાં અષ્ટાપદ પર્વત ઉપર બિરાજેલા ચોવીસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તીર્થંકરો, વીશ વિહરમાન તીર્થંકરો, પ્રસિદ્ધ તીર્થો, સર્વ ચૈત્યો, પ્રતિમાઓ તથા મુનિઓ વગેરેને વંદન કરવામાં આવેલું છે.

* * * *

## ૧૩. જંકિંચિ સૂત્ર

(ગાહા)

**જં કિંચિ નામતિત્થં,**
**સગ્ગે પાયાલિ માણુસે લોએ;**
**જાઈં જિણ-બિંબાઈં,**
**તાઈં સવ્વાઈં વંદામિ**

આ સૂત્રમાં જે કોઈ નામમાત્રથી પ્રસિદ્ધ જૈન તીર્થ હોય, તેને તથા ત્રણ લોકમાં રહેલી જિનપ્રતિમાઓને નમસ્કાર કર્યા છે.

* * * *

## ૧૪. નમુત્થુણં (શક્રસ્તવ) સૂત્ર

**નમુત્થુ ણં અરિહંતાણં ભગવંતાણં;** ૧
**આઇગરાણં, તિત્થયરાણં,**
**સયંસંબુદ્ધાણં** ૨
**પુરિસુત્તમાણં, પુરિસ-સીહાણં,**
**પુરિસ-વર-પુંડરીયાણં,**
**પુરિસવર-ગંધ હત્થીણં;** ૩
**લોગુત્તમાણં, લોગ-નાહાણં,**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લોગ-હિયાણં, લોગ-પઈવાણં,
લોગપજ્જોઅગરાણં; ૪
અભયદયાણં, ચક્ખુદયાણં,
મગ્ગદયાણં, સરણદયાણં,
બોહિદયાણં; ૫
ધમ્મદયાણં, ધમ્મદેસયાણં,
ધમ્મ-નાયગાણં, ધમ્મ-સારહીણં,
ધમ્મ-વર-ચાઉરંત-ચક્કવટ્ટીણં; ૬
અપ્પડિહય-વરનાણ-
દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં; ૭
જિણાણં જાવયાણં,
તિન્નાણં તારયાણં,
બુદ્ધાણં બોહયાણં,
મુત્તાણં મોઅગાણં; ૮
સવ્વન્નૂણં, સવ્વદરિસીણં,
સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય-
મવ્વાબાહ-મપુણરાવિત્તિ-સિદ્ધિગઈ-
નામધેયં ઠાણં સંપત્તાણં,
નમો જિણાણં જિઅભયાણં. ૯

(ગાહા)

જે અ અઈઆ સિદ્ધા,
જે અ ભવિસ્સંતિ-ણાગએ કાલે;
સંપઈ અ વટ્ટમાણા,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦**

આ સૂત્રમાં અરિહંત ભગવાનના ગુણો આવે છે અને ઈન્દ્ર મહારાજ પ્રભુના પાંચે કલ્યાણકોમાં આ સૂત્રથી પ્રભુની સ્તુતિ કરે છે. આ સૂત્રનું બીજું નામ ઈન્દ્રસ્તુતિ પણ કહેવાય છે.

* * * *

# ૧૫. જાવંતિ ચેઈઆઈ સૂત્ર

*(ગાહા)*

**જાવંતિ ચેઇઆઇં,**
**ઉડ્ઢે અ અહે અ તિરિયલોએ અ;**
**સવ્વાઇં તાઇં વંદે,**
**ઇહ સંતો તત્થ સંતાઇં. ૧**

આ સૂત્રમાં ત્રણ લોકમાં રહેલી સર્વ શ્રીજિનપ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.

* * * *

# ૧૬. જાવંત કેવિ સાહૂ સૂત્ર

*(ગાહા)*

**જાવંત કેવિ સાહૂ.**
**ભરહેરવય-મહાવિદેહે અ;**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સવ્વેસિં તેસિં પણઓ,**
**તિવિહેણ તિદંડ-વિરયાણં. ૧**

આ સૂત્રમાં ભરત, ઐરવત અને મહાવિદેહક્ષેત્રની અંદર રહેલા સર્વ સાધુ-સાધ્વી મહારાજાઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.

* * * *

## ૧૭. પંચ-પરમેષ્ઠિ-નમસ્કાર સૂત્ર

**નમોઽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વ સાધુભ્યઃ**

ચૌદ પૂર્વમાંથી ઉદ્ધૃત કરેલા આ સૂત્રમાં શ્રી પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવ્યો છે.

* * * *

## ૧૮. ઉવસગ્ગહરં સ્તોત્ર

*(ગાહા)*

**ઉવસગ્ગ-હરં-પાસં,**
**પાસં વંદામિ-કમ્મ-ઘણ-મુક્કં;**
**વિસહર-વિસ-નિન્નાસં,**
**મંગલ-કલ્લાણ-આવાસં. ૧**
**વિસહર-ફુલિંગ-મંતં,**
**કંઠે ધારેઇ જો સયા મણુઓ;**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તરસ ગહ-રોગ-મારી,**
**દુટ્ઠ જરા જંતિ ઉવસામં. ૨**
**ચિટ્ઠઉ દૂરે મંતો,**
**તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ;**
**નર-તિરિએસુ વિ જીવા,**
**પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં. ૩**
**તુહ સમ્મત્તે-લદ્ધે,**
**ચિંતામણિ-કપ્પપાયવબ્ભહિએ;**
**પાવંતિ અવિગ્ઘેણં,**
**જીવા અયરામરં ઠાણં. ૪**
**ઈઅ સંથુઓ મહાયસ !**
**ભત્તિબ્ભર-નિબ્ભરેણ હિયએણ;**
**તા દેવ દિજ્જ બોહિં,**
**ભવે ભવે પાસ જિણચંદ ! ૫**

શ્રી પાર્શ્વનાથ પ્રભુના ગુણોની સ્તુતિરૂપ આ સ્તોત્ર શ્રી ભદ્રબાહુસ્વામીનું રચેલું છે. તે સર્વ વિઘ્નોનો નાશ કરનારું છે.

* * * *

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૯. જયવીયરાય (પ્રાર્થના) સૂત્ર

*(ગાહા)*

જય વીયરાય જગ-ગુરૂ,
હોઉ મમં તુહ પભાવઓ ભયવં;
ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ,
ઇટ્ઠ-ફલ-સિદ્ધી ૧
લોગ-વિરુદ્ધચ્ચાઓ,
ગુરુજણ-પૂઆ પરત્થકરણં ચ;
સુહગુરુજોગો તવ્વયણ-
સેવણા આભવમખંડા. ૨
વારિજ્જઇ જઇવિ નિયાણ-
બંધણં વીયરાય! તુહ સમએ;
તહવિ મમ હુજ્જ સેવા,
ભવે ભવે તુમ્હ ચલણાણં. ૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ,
સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં,
તુહ નાહ ! પણામકરણેણં. ૪

*(સિલોગો)*

સર્વ-મંગલ-માંગલ્યં,
સર્વ-કલ્યાણ-કારણં;
પ્રધાનં સર્વ ધર્માણાં,
જૈનં જયતિ શાસનમ્. ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ સૂત્રમાં પ્રભુ પાસે મન, વચન, કાયાની એકાગ્રતાપૂર્વક કેટલીક ઉત્તમ પ્રાર્થનાઓ કરવામાં આવેલી છે.

* * * *

## ૨૦. અરિહંત-ચેઇયાણં (ચૈત્ય-સ્તવ) સૂત્ર

**અરિહંત-ચેઇયાણં,**
**કરેમિ કાઉસ્સગ્ગં. ૧**
**વંદણ-વત્તિઆએ, પૂઅણ-વત્તિઆએ,**
**સક્કાર-વત્તિઆએ, સમ્માણ-વત્તિઆએ,**
**બોહિલાભ-વત્તિઆએ,**
**નિરુવસગ્ગ-વત્તિઆએ; ૨**
**સદ્ધાએ, મેહાએ, ધિઇએ,**
**ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ,**
**ઠામિ કાઉસ્સગ્ગં. ૩**

આ સૂત્રમાં શ્રી જિનપ્રતિમાઓની આરાધનાઓનું કાઉસ્સગ્ગ કરવાના નિમિત્તોનું અને તે વખતે રાખવાની ભાવનાઓનું વર્ણન છે.

* * * *

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૨૧. કલ્લાણકંદં (પાંચ જિનની થોય) સ્તુતિ

(ઉપેન્દ્રવજ્રા)

**કલ્લાણ-કંદં પઢમં જિણિંદં,**
**સંતિં તઓ નેમિજિણં મુણીંદં;**
**પાસં પયાસં સુગુણિક્કઠાણં,**
**ભત્તીઇ વંદે સિરિવદ્ધમાણં ૧**

(ઉપજાતિ)

**અપાર-સંસાર-સમુદ્દ-પારં,**
**પત્તા સિવં દિંતુ સુઇક્કસારં;**
**સવ્વે જિણિંદા, સુરવિંદ-વંદા,**
**કલ્લાણવલ્લીણ વિસાલકંદા. ૨**
**નિવ્વાણમગ્ગે વરજાણકપ્પં,**
**પણાસિયા-સેસ-કુવાઇ-દપ્પં;**
**મયં જિણાણં સરણં બુહાણં,**
**નમામિ નિચ્ચં તિજગપ્પહાણં. ૩**
**કુંદિંદુ-ગોક્ખીર-તુસાર-વન્ના,**
**સરોજ-હત્થા કમલે નિસન્ના;**
**વાએસિરી પુત્થયવગ્ગ - હત્થા,**
**સુહાય સા અમ્હ સયા પસત્થા. ૪**

આ સ્તુતિમાં પહેલી ગાથામાં શ્રી ઋષભદેવ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીની, બીજી ગાથામાં સર્વ જિનેશ્વરોની, ત્રીજી ગાથામાં જિનાગમની અને ચોથી ગાથામાં શ્રુતદેવીની સ્તુતિ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ❖ ચૈત્યવંદનનો વિધિ ❖

૧. પ્રથમ ઇરિયાવહી કરી, ત્રણ ખમાસમણ દેવાં. પછી ડાબો ઢીંચણ ઊભો રાખવો. પછી ''ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ?'' ''ઇચ્છં'' કહી,

૨. ''સકલકુશલવલ્લી'' કહી કોઇપણ ''ચૈત્યવંદન'' કહેવું.

૩. પછી ''જંકિંચિ'' કહી ''નમુત્થુણં'' કહેવું.

૪. પછી ''જાવંતિ ચેઇઆઈં'' કહી એક ખમાસમણ દેવું.

૫. પછી ''જાવંત કેવિ સાહૂ'' કહી 'નમોઽર્હત્' કહેવું.

૬. પછી સ્તવન કહેવું.

૭. પછી બે હાથ મસ્તકે ધરી, જયવીયરાય ''આભવમખંડા'' સુધી કહેવા. પછી બે હાથ નીચે ઉતારી જયવીયરાય પૂરા કહેવા.

૮. પછી ઊભા થઈ અરિહંતચેઇયાણં કહી, અન્નત્થ કહી, એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

૯. પછી કાઉસ્સગ્ગ પારીને નમોઽર્હત્ કહીને એક થોય કહેવી. પછી એક ખમાસમણ દેવું.

# ❖ ગુરુવંદનની વિધિ ❖

૧. પહેલાં ઊભા થઈ બે ખમાસમણ દેવાં.

૨. ત્યારબાદ ઊભા રહી ઇચ્છકાર સૂત્રનો પાઠ બોલવો. (આચાર્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભગવંત અથવા પદસ્થ સાધુ હોય તો એક ખમાસમણ દેવું.)

૩. પછી ઊભા રહી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામેઉં ? ઇચ્છં ખામેમિ દેવસિઅં. આટલું બોલ્યા બાદ જમણો હાથ જમીન પર સ્થાપી ડાબો હાથ મુખ પાસે રાખી બાકીનો અબ્ભુટ્ઠિઓ પૂર્ણ બોલવો.

૪. પછી ઊભા થઈ એક ખમાસમણ દેવું.

નોંધ : સવારે 'રાઈ' શબ્દ અને બપોરે બાર વાગ્યા પછી 'દેવસિ' શબ્દ બોલવો. બંને સાથે ન બોલાય.

# ચોવીસ તીર્થંકરોનાં નામ, લાંછન અને વર્ણ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ઋષભદેવ | બળદ | કાંચન |
| ૨. | શ્રી અજિતનાથ | હાથી | કાંચન |
| ૩. | શ્રી સંભવનાથ | ઘોડો | કાંચન |
| ૪. | શ્રી અભિનંદનસ્વામી | વાંદરો | કાંચન |
| ૫. | શ્રી સુમતિનાથ | કૌંચપક્ષી | કાંચન |
| ૬. | શ્રી પદ્મપ્રભસ્વામી | (સૂર્ય)કમળ | રાતો |
| ૭. | શ્રી સુપાર્શ્વનાથ | સાથિયો | કાંચન |
| ૮. | શ્રી ચંદ્રપ્રભસ્વામી | ચંદ્ર | ઉજ્જવળ |
| ૯. | શ્રી સુવિધિનાથ | મગરમચ્છ | ઉજ્જવળ |
| ૧૦. | શ્રી શીતલનાથ | શ્રીવત્સ | કાંચન |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૧૧. | શ્રી શ્રેયાંસનાથ | ગેંડો | કાંચન |
| ૧૨. | શ્રી વાસુપૂજ્યસ્વામી | મહિષ(પાડો) | રાતો |
| ૧૩. | શ્રી વિમલનાથ | વરાહ(ભૂંડ) | કાંચન |
| ૧૪. | શ્રી અનંતનાથ | સીંચાણો | કાંચન |
| ૧૫. | શ્રી ધર્મનાથ | વજ્ર | કાંચન |
| ૧૬. | શ્રી શાંતિનાથ | મૃગ | કાંચન |
| ૧૭. | શ્રી કુંથુનાથ | છાગ(બોકડો) | કાંચન |
| ૧૮. | શ્રી અરનાથ | નંદાવર્ત્ત | કાંચન |
| ૧૯. | શ્રી મલ્લિનાથ | કુંભ | લીલો |
| ૨૦. | શ્રી મુનિસુવ્રતસ્વામી | કાચબો | શ્યામ |
| ૨૧. | શ્રી નમિનાથ | લીલું કમળ | કાંચન |
| ૨૨. | શ્રી નેમિનાથ | શંખ | શ્યામ |
| ૨૩. | શ્રી પાર્શ્વનાથ | સર્પ | લીલો |
| ૨૪. | શ્રી મહાવીરસ્વામી | સિંહ | કાંચન |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ

૧. જેના ગુણોના સિંધુના બે, બિંદુ પણ જાણું નહિ,
પણ એક શ્રદ્ધા દિલમહીં કે, નાથ સમ કો છે નહિ;
જેના સહારે ક્રોડ તરિયા, મુક્તિ મુજ નિશ્ચય સહિ,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગભાવે હું નમું.

૨. હે ત્રણ ભુવનના નાથ માહરી, કથની જઈ કોને કહું,
કાગળ લખ્યો પહોંચે નહિ, ફરિયાદ જઈ કોને કહું;
તું મોક્ષની મોઝારમાં, હું દુઃખભર્યા સંસારમાં,
જરા સામું તો જુઓ નહીં તો, ક્યાં જઈ કોને કહું.

૩. સુણ્યા હશે પૂજ્યા હશે, નીરખ્યા હશે પણ કો ક્ષણે,
હે જગત બન્ધુ ચિત્તમાં, ધાર્યા નહિ ભક્તિપણે;
જન્મ્યો પ્રભુ તે કારણે, દુઃખપાત્ર આ સંસારમાં,
હા ભક્તિ તે ફળતી નથી, જે ભાવ શૂન્યાચારમાં.

૪. દાદા તારી મુખમુદ્રાને, અમિય નજર નિહાળી રહ્યો,
તારા નયનોમાંથી ઝરતું, દિવ્ય તેજ હું ઝીલી રહ્યો;
ક્ષણભર આ સંસારની માયા, તારી ભક્તિમાં ભૂલી ગયો,
તુજ મૂર્તિમાં મસ્ત બનીને, આત્મિક આનંદ માણી રહ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ચૈત્યવંદન કરતાં પહેલાં બોલવાનું

*(માલિની)*

સકલકુશલવલ્લી, પુષ્કરાવર્ત્તમેઘો,
દુરિતતિમિરભાનુઃ, કલ્પવૃક્ષોપમાનઃ;
ભવજલનિધિપોતઃ, સર્વ-સંપત્તિ-હેતુઃ,
સ ભવતુ સતતં વઃ, શ્રેયસે શાન્તિનાથઃ
શ્રેયસે પાર્શ્વનાથઃ ૧

## ૧. ચોવીશ જિનના શરીરના વર્ણનું ચૈત્યવંદન

પદ્મપ્રભ ને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભ ને સુવિધિનાથ, દો ઉજ્જવળ લહીએ. ૧

મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નીરખ્યા;
મુનિસુવ્રત ને નેમનાથ, દો અંજન સરિખા. ૨

સોળે જિન કંચન સમા એ, એવા જિન ચોવીશ;
ધીરવિમલપંડિત તણો, જ્ઞાનવિમલ કહે શિષ્ય. ૩

## ૧. શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

જગજીવન જગવાલહો, મરુદેવીનો નંદ લાલ રે;
મુખ દીઠે સુખ ઊપજે, દર્શન અતિહિ આનંદ લાલ રે-જગ૦ ૧
આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલ રે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાળ લાલ રે-જગ૦ ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;
રેખા-કર-ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે-જગ ૦ ૩
ઇન્દ્ર ચન્દ્ર રવિ ગિરિતણા, ગુણ લઈ ઘડિયું અંગ લાલ રે;
ભાગ્ય કિહાં થકી આવીયું ! અચરિજ એહ ઉત્તુંગ લાલ રે-જગ ૦ ૪
ગુણ સઘળા અંગીકર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;
વાચક જશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે-જગ ૦ ૫

# ૨. શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

ગિરુઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મળ થાયે કાયા રે. ગિ ૦ ૧
તુમ ગુણ-ગણ ગંગાજળે, હું ઝીલીને નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિ ૦ ૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છીલ્લર જળ નવિ પેસે રે;
જે માલતી ફૂલે મોહિયા, તે બાવળ જઈ નવિ બેસે રે. ગિ ૦ ૩
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પરસુર આદરે, જે પરનારી વશ રાચ્યા રે. ગિ ૦ ૪
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક જશ કહે માહરે, તું જીવ-જીવન આધારો રે. ગિ ૦ ૫

# ૧. ઋષભદેવ સ્વામીની થોય

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરુદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવલસિરિ રાયા, મોક્ષનગરે સિધાયા. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૨. મહાવીર સ્વામીની થોય

જય જય ભવિ હિતકર, વીર જિનશ્વર દેવ,
સુરનરના નાયક, જેહની સારે સેવ;
કરુણારસ કંદો, વંદો આનંદ આણી,
ત્રિશલાસુત સુંદર, ગુણ-મણિ કેરો ખાણી. ૧

## ॥ સ્તુતિ ॥

આવ્યો શરણે તુમારા, જિનવર ! કરજો, આશ પૂરી અમારી,
નાવ્યો ભવ પાર મારો, તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી;
ગાયો જિનરાજ ! આજે, હરખ અધિકથી, પરમ આનંદકારી,
પાયો તુમ દર્શ, નાશે ભવોભવ ભ્રમણા, નાથ ! સર્વે અમારી.

## આરતી

જય જય આરતી આદિ જિણંદા, નાભિરાયા મરુદેવીકો નંદા,
પહેલી આરતી પૂજા કીજે, નરભવ પામીને લહાવો લીજે.
દૂસરી આરતી દીન દયાળા, ધુળેવા મંડપમાં જગ અજવાળા,
તીસરી આરતી ત્રિભુવન દેવા, સુર નર ઈંદ્ર કરે તોરી સેવા,
ચોથી આરતી ચઉગતિ ચૂરે, મન વાંછિત ફળ શિવસુખ પૂરે.
પંચમી આરતી પુણ્ય ઉપાયા, મૂળચંદે ઋષભગુણ ગાયા.
જય જય આરતી આદિજિણંદા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# મંગલદીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો, આરતી ઉતારણ બહુ ચિરંજીવો,
સોહમને ઘેર પર્વ દિવાળી, અંબર ખેલે અમરા-બાળી.
દીપાળ ભણે એણે કુળ અજવાળી, ભાવે ભગતે વિઘન નિવારી,
દીપાળ ભણે એણે એ કલિકાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે.
અમ ઘેર મંગલિક, તુમ ઘેર મંગલિક,મંગલિક ચતુર્વિધ સંઘને હોજો,
દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
આરતી ઉતારણ બહુ ચિરંજીવો.

## ૨૨. સંસારદાવાનલ સ્તુતિ

*(ઉપજાતિ)*

**સંસાર-દાવાનલ-દાહ-નીરં,**
**સંમોહ-ધૂલી-હરણે સમીરં;**
**માયા-રસા-દારણ-સાર-સીરં,**
**નમામિ વીરં ગિરિ-સાર-ધીરં.** ૧

*(વસન્તતિલકા)*

**ભાવાવનામ-સુર-દાનવ-માનવેન-**
**ચૂલા-વિલોલ-કમલાવલિ-માલિતાનિ;**
**સંપૂરિતાભિનત-લોક-સમીહિતાનિ,**
**કામં નમામિ જિન રાજ-પદાનિ તાનિ.** ૨

*(મન્દાક્રાન્તા)*

**બોધાગાધં સુપદ-પદવી-નીર-પૂરાભિરામં,**
**જીવાહિંસા-વિરલ-લહરી-સંગમાગાહ-દેહં;**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ચૂલાવેલં ગુરુ-ગમ-મણિ-સંકુલં દૂર-પારં,**
**સારં વીરાગમ-જલનિધિં સાદરં સાધુ સેવે. ૩**

(સ્રગ્ધરા)

**આમૂલા-લોલ-ધૂલી-બહુલ પરિમલા-**
**લીઢ-લોલા-લિમાલા-**
**ઝંકારા-રાવ-સારા-મલ-દલ-કમલા-**
**ગાર-ભૂમિ-નિવાસે !;**
**છાયા-સંભાર-સારે ! વર-કમલ-કરે !**
**તાર-હારા-ભિરામે !,**
**વાણી-સંદોહ-દેહે ! ભવ-વિરહ-વરં,**
**દેહિ મે દેવિ ! સારં ! ૪**

શ્રી હરિભદ્રસૂરિની સમસંસ્કૃત(સંસ્કૃત-પ્રાકૃત)ભાષામાં રચેલી આ સ્તુતિમાં પહેલી ગાથામાં શ્રી મહાવીરસ્વામી, બીજી ગાથામાં સર્વ જિનેશ્વરોની, ત્રીજી ગાથામાં શ્રી જિનાગમની અને ચોથી ગાથામાં શ્રુતદેવીની સ્તુતિ છે.

* * * *

## ૨૩. પુક્ખરવરદીવડ્ઢે (શ્રુતસ્તવ) સૂત્ર

(ગાહા)

**પુક્ખર-વરદીવડ્ઢે,**
**ધાયઈ-સંડે અ જંબૂ-દીવે અ;**
**ભરહેરવય-વિદેહે,**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધમ્માઇ-ગરે નમંસામિ. ૧
તમ-તિમિર-પડલ-વિદ્ધં-
સણસ્સ સુરગણ-નરિંદ-મહિઅસ્સ;
સીમાધરસ્સ વંદે,
પપ્ફોડિઅ-મોહજાલસ્સ. ૨

(વસન્તતિલકા)

જાઇ-જરા મરણ-સોગ-પણાસણસ્સ,
કલ્લાણ-પુક્ખલ-વિસાલ-સુહાવહસ્સ;
કો દેવ-દાણવ-નરિંદ-ગણચ્ચિઅસ્સ,
ધમ્મસ્સ સારમુવલબ્ભ કરે પમાયં. ૩

(શાર્દૂલવિક્રીડિત)

સિદ્ધે ભો! પયઓ ણમો જિણમએ,
નંદી સયા સંજમે,
દેવં નાગ-સુવણ્ણ-કિણ્ણર-ગણ-
સબ્ભૂઅ-ભાવચ્ચિએ;
લોગો જત્થ પઇટ્ઠિઓ જગમિણં,
તેલુક્ક-મચ્ચાસુરં,
ધમ્મો વડ્ઢઉ સાસઓ વિજયઓ,
ધમ્મુત્તરં વડ્ઢઉ. ૪
સુઅસ્સ ભગવઓ
કરેમિ કાઉસ્સગ્ગં, વંદણવત્તિઆએ ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ સૂત્રમાં અઢી દ્વીપમાં વિચરતા એક સરખા શ્રુતજ્ઞાન ઉત્પન્ન કરનારા ત્રણ કાળના તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરવાપૂર્વક શ્રુતજ્ઞાનના મહત્ત્વની સ્તુતિ કરવામાં આવી છે.

* * * *

## ૨૪. સિદ્ધાણં બુદ્ધાણં (સિદ્ધસ્તવ) સૂત્ર

*(ગાહા)*

**સિદ્ધાણં બુદ્ધાણં, પાર-ગયાણં,**
**પરંપર-ગયાણં;**
**લોઅગ્ગમુવગયાણં,**
**નમો સયા સવ્વ-સિદ્ધાણં. ૧**
**જો દેવાણ વિ દેવો,**
**જં દેવા પંજલી નમંસંતિ;**
**તં દેવ-દેવ-મહિઅં,**
**સિરસા વંદે મહાવીરં. ૨**
**ઇક્કો વિ નમુક્કારો,**
**જિણવર-વસહસ્સ વદ્ધમાણસ્સ;**
**સંસાર-સાગરાઓ,**
**તારેઈ નરં વ નારિં વા. ૩**
**ઉજ્જિંતસેલ-સિહરે,**
**દિક્ખા નાણં નિસીહિઆ જસ્સ;**
**તં ધમ્મ-ચક્કવટ્ટિં,**
**અરિટ્ઠનેમિં નમંસામિ. ૪**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સત્તારિ અટ્ઠ દસ દોય,**
**વંદિયા જિણવરા ચઉવ્વીસં;**
**પરમટ્ઠ-નિટ્ઠિઅટ્ઠા,**
**સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૫**

આ સૂત્રમાં પહેલી ગાથામાં સર્વ સિદ્ધોની, બીજી-ત્રીજી ગાથામાં મહાવીર સ્વામીની, ચોથી ગાથામાં નેમિનાથ પ્રભુની અને પાંચમી ગાથામાં અષ્ટાપદ પર્વત ઉપર બિરાજમાન ચોવીસ તીર્થંકરોની સ્તુતિ છે.

* * * *

## ૨૫. વેયાવચ્ચગરાણં સૂત્ર

**વેયાવચ્ચગરાણં, સંતિગરાણં,**
**સમ્મદિટ્ઠિ-સમાહિગરાણં,**
**કરેમિ કાઉસ્સગ્ગં.**

આ સૂત્રમાં શ્રી સંઘમાં શાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ માટે સમકિતવંત દેવોનું સમ્યગ્દર્શનની શુદ્ધિની અપેક્ષાએ સ્મરણ કરવામાં આવ્યું છે.

* * * *

## ૨૬. ભગવાનાદિ વંદન સૂત્ર

**ભગવાન્હં આચાર્યહં,**
**ઉપાધ્યાયહં સર્વસાધુહં.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ સૂત્રમાં સંક્ષેપથી પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવ્યો છે.

* * * *

## ૨૭. દેવસિઅ પડિક્કમણે ઠાઉં સૂત્ર

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !**
**દેવસિઅ પડિક્કમણે ઠાઉં ?**
**ઇચ્છં. સવ્વસ્સ વિ દેવસિઅ,**
**દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ,**
**દુચ્ચિટ્ઠિઅ, મિચ્છા મિ દુક્કડં.**

આ સૂત્રમાં લાગેલાં પાપને અતિ ટૂંકમાં કહીને તેની માફી માગવામાં આવી છે.

* * * *

## ૨૮. ઇચ્છામિ ઠામિ સૂત્ર

**ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં.**
**જો મે દેવસિઓ અઇઆરો કઓ,**
**કાઇઓ, વાઇઓ, માણસિઓ,**
**ઉસ્સુત્તો, ઉમ્મગ્ગો, અકપ્પો,**
**અકરણિજ્જો, દુજ્ઝાઓ,**
**દુવ્વિચિંતિઓ, અણાયારો,**
**અણિચ્છિઅવ્વો, અસાવગપાઉગ્ગો.**
**નાણે, દંસણે, ચરિત્તાચરિત્તે,**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સુએ, સામાઈએ, તિણ્હં ગુત્તીણં,**
**ચઉણ્હં કસાયાણં, પંચણ્હમણુવ્વયાણં,**
**તિણ્હં ગુણવ્વયાણં,**
**ચઉણ્હં સિક્ખાવયાણં,**
**બારસવિહસ્સ સાવગધમ્મસ્સ,**
**જં ખંડિઅં, જં વિરાહિઅં,**
**તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

આ સૂત્રમાં જુદા જુદા આચારોને લગતા અતિચારો-પાપો લાગ્યાં હોય, તેનું ટૂંકમાં પ્રતિક્રમણ બતાવ્યું છે.

* * * *

## ૨૯. પંચાચારના અતિચારોની ગાથાઓ

(ગાહા)

**નાણંમિ દંસણંમિ અ,**
**ચરણંમિ તવંમિ તહ ય વીરિયંમિ;**
**આયરણં આયારો,**
**ઈઅ એસો પંચહા ભણિઓ.** ૧
**કાલે વિણએ બહુમાણે,**
**ઉવહાણે તહ અનિણ્હવણે;**
**વંજણ-અત્થ-તદુભએ,**
**અટ્ઠવિહો નાણમાયારો.** ૨
**નિસ્સંકિઅ, નિક્કંખિઅ,**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી અ;
ઉવવૂહ થિરીકરણે,
વચ્છલ્લ-પભાવણે અટ્ઠ. ૩
પણિહાણ-જોગ-જુત્તો,
પંચહિં સમિઈહિં તીહિં ગુત્તીહિં;
એસ ચરિત્તાયારો,
અટ્ઠવિહો હોઇ નાયવ્વો. ૪
બારસવિહંમિ વિ તવે,
સબ્ભિંતર-બાહિરે કુસલ-દિટ્ઠે;
અગિલાઈ અણાજીવી,
નાયવ્વો સો તવાયારો. ૫
અણસણમૂણો-અરિયા,
વિત્તીસંખેવણં રસચ્ચાઓ;
કાયકિલેસો સંલીણયા ય,
બજ્ઝો તવો હોઈ. ૬
પાયચ્છિતં વિણઓ,
વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ;
ઝાણં ઉસ્સગ્ગો વિ અ,
અબ્ભિંતરઓ તવો હોઈ. ૭
અણિગૂહિઅ-બલ-વીરિયો,
પરક્કમઈ જો જહુત્તમાઉત્તો;
જુંજઈ અ જહા-થામં,
નાયવ્વો વીરિઆયારો. ૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ આઠ ગાથામાં જ્ઞાનાદિ પાંચના આચાર અને તેના અતિચાર છે.

* * * *

## ૩૦. સુ-ગુરુ-વંદના સૂત્ર

**ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં,**
**જાણિજ્જાએ, નિસીહિઆએ,**
**અણુજાણહ મે મિઉગ્ગહં, નિસીહિ,**
**અહો-કાયં કાય-સંફાસં**
**ખમણિજ્જો ભે ! કિલામો**
**અપ્પ-કિલંતાણં બહુ-સુભેણ ભે !**
**દિવસો વઇક્કંતો ?**
**જત્તા ભે ! જવણિજ્જં ચ ભે ! ?**
**ખામેમિ ખમા-સમણો !**
**દેવસિઅં વઇક્કમં**
**આવસ્સિઆએ પડિક્કમામિ**
**ખમા-સમણાણં, દેવસિઆએ**
**આસાયણાએ, તિત્તીસન્નયરાએ,**
**જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ,**
**વય-દુક્કડાએ, કાય-દુક્કડાએ,**
**કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,**
**સવ્વ-કાલિઆએ, સવ્વ-મિચ્છોવયારાએ,**
**સવ્વ-ધમ્માઇક્કમણાએ,આસાયણાએ,**
**જો મે અઇઆરો કઓ,**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તસ્સ ખમાસમણો !**
**પડિક્કમામિ નિંદામિ ગરિહામિ**
**અપ્પાણં વોસિરામિ**

બીજી વારના વાંદણામાં 'આવસ્સિઆએ' પદ ન કહેવું. 'દિવસો વઇક્કંતો'ના સ્થાને મધ્યરાત્રિ પછીથી દિવસના મધ્યભાગ સુધી 'રાઇ વઇક્કંતા', પક્ખીએ 'પક્ખો વઇક્કંતો' ચોમાસીએ 'ચોમાસી વઇક્કંતા', અને સંવચ્છરીએ 'સંવચ્છરો વઇક્કંતો' એ પ્રમાણે પાઠ કહેવો.

આ સૂત્રથી સદ્ગુરુને ભક્તિ અને બહુમાનપૂર્વક વંદન કરી તેમની સેવા-વેયાવચ્ચમાં તેમના પ્રત્યે થયેલા દોષોની ક્ષમા યાચવામાં આવી છે.

* * * *

## ૩૧. દેવસિઅં આલોઉં સૂત્ર

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !**
**દેવસિઅં આલોઉં ? ઇચ્છં,**
**આલોએમિ જો મે દેવસિઓ ૦**

આ સૂત્રથી દેવસિક આલોચના કરવાનો આદેશ માગવામાં આવે છે.

* * * *

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૨. સાત લાખ

**સાત લાખ પૃથ્વીકાય,**
**સાત લાખ અપ્કાય,**
**સાત લાખ તેઉકાય,**
**સાત લાખ વાઉકાય,**
**દશ લાખ પ્રત્યેક-વનસ્પતિકાય,**
**ચૌદ લાખ સાધારણ-વનસ્પતિકાય,**
**બે લાખ બેઇંદ્રિય, બેલાખ તેઇંદ્રિય,**
**બે લાખ ચઉરિંદ્રિય,**
**ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી,**
**ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય,**
**ચૌદ લાખ મનુષ્ય.**
**એવંકારે ચોરાશી લાખ જીવયોનિમાંહિ**
**મારે જીવે જે કોઇ જીવ હણ્યો હોય,**
**હણાવ્યો હોય, હણતાં પ્રત્યે અનુમોદ્યો**
**હોય, તે સવિ મને, વચને, કાયાએ**
**કરી મિચ્છા મિ દુક્કડં.**

આ સૂત્રમાં ચોરાશી લાખ યોનિથી ઉત્પન્ન થતા સર્વ સંસારી જીવમાંના જે જીવોની વિરાધના કરી હોય, તે બાબત મિચ્છા મિ દુક્કડં દેવામાં આવે છે.

* * * *

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૩. અઢાર પાપસ્થાનક સૂત્ર

પહેલે પ્રાણાતિપાત,
બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન,
ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ,
છઠ્ઠે ક્રોધ, સાતમે માન,
આઠમે માયા, નવમે લોભ,
દસમે રાગ, અગ્યારમે દ્વેષ,
બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન,
ચૌદમે પૈશુન્ય, પંદરમે રતિ-અરતિ,
સોળમે પર-પરિવાદ,
સત્તરમે માયા-મૃષાવાદ,
અઢારમે મિથ્યાત્વશલ્ય.
એ અઢાર પાપસ્થાનકમાંહિ
મારે જીવે જે કોઇ પાપ સેવ્યું હોય,
સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે
અનુમોદ્યું હોય, તે સવિ મને, વચને,
કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

આમાં અઢાર પાપોનાં નામ બોલીને તેની ક્ષમા માંગવામાં આવે છે.

* * * *

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૩૪. સવ્વસ્સ વિ પ્રતિક્રમણ સૂત્ર

**સવ્વસ્સ વિ દેવસિઅ,**
**દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ,**
**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇચ્છં,**
**તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

આ સૂત્રમાં લાગેલાં પાપોને અતિ ટૂંકમાં કહેવા સાથે તેનું પ્રતિક્રમણ કરવામાં આવ્યું છે.

* * * *

## ૩૫. ઇચ્છામિ પડિક્કમિઉં-સૂત્ર

**ઇચ્છામિ પડિક્કમિઉં ?**
**જો મે દેવસિઓ અઇચારો કઓ૦**

## ૩૬. વંદિત્તુ (શ્રાદ્ધ-પ્રતિક્રમણ) સૂત્ર

(ગાહા)

**વંદિત્તુ સવ્વસિદ્ધે,**
**ધમ્માયરિએ અ સવ્વસાહૂ અ;**
**ઇચ્છામિ પડિક્કમિઉં,**
**સાવગ-ધમ્માઇઆરસ્સ. ૧**
**જો મે વયાઇયારો,**
**નાણે તહ દંસણે ચરિત્તે અ;**
**સુહુમો અ બાયરો વા,**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તં નિંદે તં ચ ગરિહામિ. ૨

દુવિહે પરિગ્ગહમ્મિ,

સાવજ્જે બહુવિહે અ આરંભે;

કારાવણે અ કરણે,

પડિક્કમે દેસિઅં સવ્વં. ૩

જં બદ્ધમિંદિએહિં,

ચઉહિં કસાએહિં અપ્પસત્થેહિં;

રાગેણ વ દોસેણ વ,

તં નિંદે તં ચ ગરિહામિ. ૪

આગમણે નિગ્ગમણે,

ઠાણે ચંકમણે અણાભોગે;

અભિઓગે અ નિઓગે,

પડિક્કમે દેસિઅં સવ્વં. ૫

સંકા કંખ વિગિચ્છા,

પસંસ તહ સંથવો કુલિંગીસુ;

સમ્મત્તસ્સ-ઇયારે,

પડિક્કમે દેસિઅં સવ્વં. ૬

છક્કાય-સમારંભે,

પયણે અ પયાવણે અ જે દોસા;

અત્તટ્ઠા ય પરટ્ઠા,

ઉભયટ્ઠા ચેવ તં નિંદે. ૭

પંચણ્હમણુવ્વયાણં,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુણ-વ્વચાણં ચ તિણ્હમઇયારે;
સિક્ખાણં ચ ચઉણ્હં,
પડિક્કમે દેસિઅં સવ્વં. ૮
પઢમે અણુ-વ્વયમ્મિ,
થૂલગ-પાણા-ઇવાય-વિરઇઓ;
આયરિય-મપ્પસત્થે,
ઇત્થ પમાય-પ્પસંગેણં. ૯
વહ-બંધ-છવિ-ચ્છેએ,
અઇ-ભારે ભત્ત-પાણ-વુચ્છેએ;
પઢમ-વયસ્સઇઆરે,
પડિક્કમે દેસિઅં સવ્વં. ૧૦
બીએ અણુવ્વયમ્મિ,
પરિથૂલગ-અલિય-વયણ-વિરઇઓ;
આયરિયમ-પ્પસત્થે,
ઇત્થ પમાય-પ્પસંગેણં. ૧૧
સહસા-રહસ્સ-દારે,
મોસુવએસે અ કૂડ-લેહે અ;
બીય-વયસ્સઇઆરે,
પડિક્કમે દેસિઅં સવ્વં. ૧૨
તઇએ અણુ-વ્વયમ્મિ,
થૂલગ-પર-દવ્વ-હરણ-વિરઇઓ;
આયરિઅમપ્પસત્થે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇત્થ-પમાય-પ્પસંગેણં. ૧૩
તેના-હડ-પ્પઓગે,
તપ્પડિરૂવે વિરુદ્ધગમણે અ;
કૂડ-તુલ-કૂડ-માણે,
પડિક્કમે દેસિઅં સવ્વં. ૧૪
ચઉત્થે અણુવ્વયમ્મિ,
નિચ્ચં પર-દાર-ગમણ-વિરઈઓ;
આયરિઅમપ્પસત્થે,
ઇત્થ પમાયપ્પસંગેણં. ૧૫
અપરિગ્ગહિઆ ઇત્તર,
અણંગ-વિવાહ-તિવ્વ-અનુરાગે;
ચઉત્થ-વયસ્સઇઆરે,
પડિક્કમે દેસિઅં સવ્વં. ૧૬
ઇત્તો અણુ-વ્વએ પંચમમ્મિ,
આયરિઅમપ્પસત્થમ્મિ;
પરિમાણ-પરિચ્છેએ,
ઇત્થ પમાય-પ્પસંગેણં. ૧૭
ધણ-ધન્ન-ખિત્ત-વત્થુ-
રૂપ્પ-સુવન્ને અ કુવિઅ-પરિમાણે;
દુપએ ચઉપ્પયમ્મિ ચ,
પડિક્કમે દેસિઅં સવ્વં. ૧૮
ગમણસ્સ ઉ પરિમાણે,
દિસાસુ ઉઢ્ઢં અહે અ તિરિઅં ચ;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વુહ્ઢિ સઈઅંતરદ્ધા,
પઢમમ્મિ ગુણ-વ્વએ નિંદે. ૧૯
મજ્જંમિ અ મંસમ્મિ અ,
પુપ્ફે અ ફલે અ ગંધ-મલ્લે અ;
ઉવભોગ-પરિભોગે,
બીયમ્મિ ગુણ-વ્વએ નિંદે. ૨૦
સચિત્તે પડિબદ્ધે,
અપોલિ-દુપ્પોલિઅં ચ આહારે;
તુચ્છોસહિ-ભક્ખણયા,
પડિક્કમે દેસિઅં સવ્વં. ૨૧
ઇંગાલી-વણ-સાડી-
ભાડી-ફોડી સુવજ્જએ કમ્મં;
વાણિજ્જં ચેવ દંત-
લક્ખ-રસ-કેસ-વિસ-વિસયં. ૨૨
એવં ખુ જંત-પિલ્લણ-
કમ્મં નિલ્લંછણં ચ દવ-દાણં;
સર-દહ-તલાય-સોસં,
અસઈ-પોસં-ચ વજ્જિજ્જા. ૨૩
સત્થ-ગ્ગિ-મુસલ-જંતગ-
તણ-કટ્ઠે મંત-મૂલ-ભેસજ્જે;
દિન્ને દવાવિએ વા,
પડિક્કમે દેસિઅં સવ્વં. ૨૪
ણ્હાણુવ્વટ્ટણ-વન્નગ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિલેવણે સદ્દ-રૂવ-રસ-ગંધે;
વત્થાસણ-આભરણે,
પડિક્કમે દેસિઅં સવ્વં. ૨૫
કંદપ્પે કુક્કુઇએ,
મોહરિ-અહિગરણ-ભોગ-અઇરિત્તે;
દંડમ્મિ અણટ્ઠાએ,
તઇઅમ્મિ ગુણવ્વએ નિંદે. ૨૬
તિવિહે દુપ્પણિહાણે,
અણવટ્ઠાણે તહા સઇ-વિહૂણે;
સામાઇઅ વિતહકએ,
પઢમે સિક્ખાવએ નિંદે. ૨૭
આણવણે પેસવણે,
સદ્દે રૂવે અ પુગ્ગલક્ખેવે;
દેસાવગાસિઅમ્મિ,
બીએ સિક્ખાવએ નિંદે. ૨૮
સંથારુચ્ચારવિહિ-
પમાય તહ ચેવ ભોયણાભોએ;
પોસહવિહિ-વિવરીએ,
તઇએ સિક્ખાવએ નિંદે. ૨૯
સચિત્તે નિક્ખિવણે,
પિહિણે વવએસ-મચ્છરે ચેવ;
કાલાઇક્કમદાણે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચઉત્થે સિક્ખાવએ નિંદે. ૩૦

સુહિએસુ અ દુહિએસુ અ,

જા મે અસ્સંજએસુ અણુકંપા;

રાગેણ વ દોસેણ વ,

તં નિંદે તં ચ ગરિહામિ. ૩૧

સાહૂસુ સંવિભાગો,

ન કઓ તવ-ચરણ-કરણ-જુત્તેસુ;

સંતે ફાસુઅદાણે,

તં નિંદે તં ચ ગરિહામિ. ૩૨

ઇહલોએ પરલોએ,

જીવિઅ-મરણે અ આસંસ-પઓગે;

પંચવિહો અઈચારો,

મા મજ્ઝ હુજ્જ મરણંતે. ૩૩

કાએણ કાઈઅસ્સ,

પડિક્કમે વાઈઅસ્સ વાયાએ;

મણસા માણસિઅસ્સ,

સવ્વસ્સ વયાઈઆરસ્સ. ૩૪

વંદણ-વય-સિક્ખા-ગા-

રવેસુ સન્ના-કસાય-દંડેસુ;

ગુત્તીસુ અ સમિઈસુ અ,

જો અઈઆરો અ તં નિંદે. ૩૫

સમ્મ-દિટ્ઠી જીવો,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જઇ વિ હુ પાવં સમાચરે કિંચિ;
અપ્પો સિ હોઇ બંધો,
જેણ ન નિદ્ધંધસં કુણઇ. ૩૬
તં પિ હુ સ-પડિક્કમણં,
સ-પરિઆવં સ-ઉત્તર-ગુણં ચ;
ખિપ્પં ઉવસામેઇ,
વાહિવ્વ સુ-સિક્ખિઓ વિજ્જો. ૩૭
જહા વિસં કુટ્ઠગયં,
મંત-મૂલ-વિસારયા;
વિજ્જા હણંતિ મંતેહિં,
તો તં હવઇ નિવ્વિસં. ૩૮
એવં અટ્ઠ-વિહં કમ્મં,
રાગ-દોસ-સમજ્જિઅં;
આલોઅંતો અ નિંદંતો,
ખિપ્પં હણઇ સુ-સાવઓ. ૩૯
કય-પાવો વિ મણુસ્સો,
આલોઇઅ નિંદિઅ ગુરુ-સગાસે;
હોઇ અઇરેગ-લહુઓ,
ઓહરિઅ-ભરુવ્વ ભારવહો. ૪૦
આવસ્સએણ એએણ,
સાવઓ જઇવિ બહુ-રઓ હોઇ;
દુક્ખાણમંતકિરિઅં,
કાહી અચિરેણ કાલેણ. ૪૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આલોચણા બહુવિહા,
ન ય સંભરિઆ પડિક્કમણ-કાલે;
મૂલગુણ-ઉત્તરગુણે,
તં નિંદે તં ચ ગરિહામિ. ૪૨
તસ્સ ધમ્મસ્સ કેવલિ-પન્નત્તસ્સ,
અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ,
વિરઓમિ વિરાહણાએ;
તિવિહેણ પડિક્કંતો,
વંદામિ જિણે ચઉવ્વીસં. ૪૩
જાવંતિ ચેઇઆઇં,
ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ;
સવ્વાઈં તાઈં વંદે,
ઇહ સંતો તત્થ સંતાઈં. ૪૪
જાવંત કેવિ સાહૂ,
ભરહેરવય-મહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ,
તિવિહેણ તિદંડવિરયાણં. ૪૫
ચિર-સંચિય-પાવ-પણાસણીઇ,
ભવ-સયસહસ્સ-મહણીએ;
ચઉવીસ-જિણ-વિણિગ્ગય-કહાઇ,
વોલંતુ મે દિઅહા. ૪૬
મમ મંગલમરિહંતા,
સિદ્ધા સાહૂ સુઅં ચ ધમ્મો અ;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સમ્મદિટ્ઠી દેવા,**
**દિંતુ સમાહિં ચ બોહિં ચ.** ૪૭
**પડિસિદ્ધાણં કરણે,**
**કિચ્ચાણમકરણે પડિક્કમણં;**
**અસદ્દહણે અ તહા,**
**વિવરીઅ-પરૂવણાએ અ.** ૪૮

*(સિલોગો)*

**ખામેમિ સવ્વજીવે,**
**સવ્વે જીવા ખમંતુ મે;**
**મિત્તી મે સવ્વ-ભૂએસુ,**
**વેરં મજ્ઝ ન કેણઇ.** ૪૯

*(ગાહા)*

**એવમહં આલોઇઅ,**
**નિંદિઅ-ગરહિઅ-દુગંછિઅં સમ્મં;**
**તિવિહેણ પડિક્કંતો,**
**વંદામિ જિણે ચઉવ્વીસં.** ૫૦

આ સૂત્રમાં શ્રાવકના પાંચ આચાર, બાર વ્રતો અને બીજાં ધર્મકર્તવ્યોમાં લાગતા દોષોના પશ્ચાત્તાપ સાથે, ફરી ન થાય તેની સાવચેતી રાખવા પૂર્વક નિંદા કરવામાં આવે છે. તથા રોજ પ્રતિક્રમણ કરવાના હેતુઓ અને સર્વ જીવોની ક્ષમાપના વગેરે આવે છે.

* * * *

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૭. આયરિય ઉવજ્ઝાએ સૂત્ર

(ગાહા)

**આયરિય-ઉવજ્ઝાએ,**
**સીસે સાહમ્મિએ કુલ-ગણે અ;**
**જે મે કેઇ કસાયા,**
**સવ્વે તિવિહેણ ખામેમિ. ૧**
**સવ્વસ્સ સમણ-સંઘસ્સ,**
**ભગવઓ અંજલિં કરિઅ સીસે;**
**સવ્વં ખમાવઈત્તા,**
**ખમામિ સવ્વસ્સ અહયં પિ. ૨**
**સવ્વસ્સ જીવરાસિસ્સ,**
**ભાવઓ ધમ્મ-નિહિઅ-નિય-ચિત્તો;**
**સવ્વં ખમાવઈત્તા,**
**ખમામિ સવ્વસ્સ અહયં પિ. ૩**

આ સૂત્રમાં આચાર્ય, ઉપાધ્યાય, સકળસંઘ તથા સર્વ જીવો ઉપર ક્રોધ થયો હોય તેની તથા બીજા જે કોઈ અપરાધ થયા હોય તે સર્વની ક્ષમાપના કરવામાં આવે છે.

* * * *

# ૩૮. નમોઽસ્તુ વર્દ્ધમાનાય સૂત્ર

**ઇચ્છામો અણુસટ્ઠિં,**
**નમો ખમાસમણાણં, નમોઽર્હત્ ૦**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

*(અનુષ્ટુપ)*

**નમોઽસ્તુ વર્ધમાનાય,**
**સ્પર્ધમાનાય કર્મણા;**
**તજ્જયા-વાપ્ત-મોક્ષાય,**
**પરોક્ષાય કુતીર્થિનામ્.** ૧

*(ઔપચ્છન્દસિક)*

**યેષાં વિકચા-રવિંદ-રાજ્યા,**
**જ્યાયઃ ક્રમ-કમલા-વલિં દધત્યા;**
**સદૃશૈરિતિ સંગતં પ્રશસ્યં,**
**કથિતં સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ.** ૨

*(વંશસ્થ)*

**કષાય-તાપા-ર્દિત-જન્તુ-નિર્વૃતિં,**
**કરોતિ યો જૈન-મુખા-મ્બુદોદ્ગતઃ;**
**સ શુક્ર-માસોદ્ભવ-વૃષ્ટિ-સન્નિભો,**
**દધાતુ તુષ્ટિં મયિ વિસ્તરો ગિરામ્** ૩

પહેલી ગાથામાં શ્રી વીર પરમાત્માની, બીજી ગાથામાં સર્વ તીર્થંકરોની અને ત્રીજી ગાથામાં જિનવાણીની સ્તુતિ છે. સાંજે છ આવશ્યક પૂરા થયા પછી તેનો આનંદ જાહેર કરવા ચૈત્યવંદનરૂપે દેવસિઅ પ્રતિક્રમણમાં આ સ્તુતિ બોલાય છે.

* * * *

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૯. વિશાલલોચન સૂત્ર

*(અનુષ્ટુપ)*

**વિશાલ-લોચન-દલં,**
**પ્રોદ્યદ્-દન્તાંશુ-કેસરમ્;**
**પ્રાતર્વીર-જિનેન્દ્રસ્ય,**
**મુખ-પદ્મં પુનાતુ વઃ. ૧**

*(ઔપચ્છન્દસિક)*

**યેષામભિષેક-કર્મ કૃત્વા,**
**મત્તા હર્ષભરાત્ સુખં સુરેન્દ્રાઃ;**
**તૃણમપિ ગણયન્તિ નૈવ નાકં,**
**પ્રાતઃ સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ. ૨**

*(વંશસ્થ)*

**કલંક-નિર્મુક્તમમુક્ત-પૂર્ણતં,**
**કુતર્ક-રાહુ-ગ્રસનં-સદોદયમ્;**
**અપૂર્વ-ચન્દ્રં જિન-ચન્દ્ર-ભાષિતં,**
**દિનાગમે નૌમિ બુધૈર્નમસ્કૃતમ્. ૩**

પહેલી ગાથામાં શ્રી વીરપ્રભુની, બીજી ગાથામાં સર્વ તીર્થંકરોની અને ત્રીજી ગાથામાં જિનાગમની સ્તુતિ છે. સવારે રાઈઅ પ્રતિક્રમણમાં છ આવશ્યક પૂરા થયા પછી તેનો આનંદ જાહેર કરવા ચૈત્યવંદનરૂપે આ સ્તુતિ બોલાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૪૦. શ્રુતદેવતાની સ્તુતિ

**સુઅ-દેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ ૦**

*(ગાહા)*

**સુઅ-દેવયા ભગવઈ,**
**નાણાવરણીય-કમ્મ-સંઘાયં;**
**તેસિં ખવેઉ સયયં,**
**જેસિં સુઅસાયરે ભત્તી. ૧**

આ શ્રુતદેવતાની સ્તુતિ છે, તે પુરુષો જ બોલે છે, સ્ત્રીઓ 'કમલદલ' બોલે.

* * * *

# ૪૧. ક્ષેત્ર-દેવતાની સ્તુતિ

**ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં. અનત્થ ૦**

*(ગાહા)*

**જિસે ખિત્તે સાહૂ,**
**દંસણ-નાણેહિં ચરણસહિએહિં;**
**સાહંતિ મુક્ખમગ્ગં,**
**સા દેવી હરઉ દુરિઆઇં. ૧**

આ ક્ષેત્રદેવતાની સ્તુતિ છે, તે પુરુષો જ બોલે. સ્ત્રીઓ યસ્યાઃ ક્ષેત્રં૦ સ્તુતિ બોલે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૪૨. કમલદલ સ્તુતિ

(ગાહા)

**કમલ-દલ-વિપુલ-નયના,**
**કમલ-મુખી કમલ-ગર્ભ-સમ-ગોરી;**
**કમલે સ્થિતા ભગવતી,**
**દદાતુ શ્રુત-દેવતા સિદ્ધિમ્. ૧**

આ શ્રુતદેવતા સ્તુતિ છે. તે સ્ત્રીઓ જ બોલે.

* * * *

# ૪૩. ભવન-દેવતાની સ્તુતિ

**ભવ઼ણ-દેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ૦**
**જ્ઞાનાદિ-ગુણ-યુતાનાં**
**નિત્યં સ્વાધ્યાય-સંયમ-રતાનામ્ ;**
**વિદધાતુ ભવન-દેવી,**
**શિવં સદા સર્વ-સાધૂનામ્ ૧**

આ સ્તુતિ ભવનદેવતાની છે. આ સ્તુતિ પાક્ષિક પ્રતિક્રમણમાં બોલાય છે. પ્રચલિતમાં ભુવન શબ્દ વપરાય છે. પરંતુ ભુવનનો અર્થ લોક થાય છે. ભવનનો અર્થ મકાન થાય છે એટલે ભવન શબ્દ શુદ્ધ છે.

* * * *

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૪૪. ક્ષેત્રદેવતાની સ્તુતિ

યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્ય,
સાધુભિઃ સાધ્યતે ક્રિયા;
સા ક્ષેત્ર-દેવતા નિત્યં,
ભૂયાન્નઃ સુખ-દાયિની. ૧

આ સ્તુતિ ક્ષેત્રદેવતાની છે. આ સ્તુતિ પાક્ષિક પ્રતિક્રમણમાં બોલાય છે.

* * * *

# ૪૫. અડ્ઢાઇજ્જેસુ (મુનિ-વંદન) સૂત્ર

અડ્ઢાઈજ્જેસુ દીવસમુદ્દેસુ,
પનરસસુ કમ્મ-ભૂમીસુ,
જાવંત કેવિ સાહૂ,
રય-હરણ-ગુચ્છ-પડિગ્ગહ-ધારા,
પંચ-મહવ્વય-ધારા,
અટ્ઠારસ-સહસ્સ સીલંગધારા,
અક્ખયા-ચાર-ચરિત્તા,
તે સવ્વે સિરસા મણસા
મત્થએણ વંદામિ ૧

આ સૂત્રથી અઢી દ્વીપમાં રહેલા મુનિઓને નમસ્કાર કરવામાં આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૪૬. વર-કનક (સપ્તતિ-શત-જિન) સ્તુતિ

*(ગાહા)*

**વર-કનક-શંખ-વિદ્રુમ-**
**મરકત-ઘન-સન્નિભં વિગત-મોહમ્ ;**
**સપ્તતિ-શતં જિનાનાં,**
**સર્વા-મર-પૂજિતં વન્દે . ૧**

આમાં જુદા જુદા રંગનાં શરીર ધારણ કરનારા સર્વ ક્ષેત્રોમાં એકી સાથે વધુમાં વધુ સંભવતા, એકસો સિત્તેર તીર્થંકરોને વંદન કરવામાં આવે છે. આ સ્તુતિ પણ પુરુષો જ બોલે છે.

* * * *

# ૪૭. લઘુ-શાન્તિ સ્તવ

*(મંગલાદિ)*

*(ગાહા)*

**શાન્તિં શાન્તિ-નિશાન્તં,**
